# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટી

## પોલીટેકનિક ડિપ્લોમા અભ્યાસક્રમો

# માહિતી પુસ્તિકા

## શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬-૧૭

કૃષિ

બાગાયત

કૃષિ ઇજનેરી

ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ

એગ્રો-પ્રોસેસીંગ

ગૃહ વિજ્ઞાન

પશુપાલન

કિંમત રૂપિયા ૫૦/-

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદાર કૃષિનગર - ૩૮૫ ૫૦૬

કામધેનુ યુનિવર્સિટી
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦

## ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટીની વિવિધ પોલીટેકનિકોમાં ચાલતા ડીપ્લોમા અભ્યાસક્રમોની માહિતી

આ માહિતી પુસ્તિકામાં ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ જેવી કે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ; સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર; જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ; નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તથા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ચાલતા ડીપ્લોમા પોલીટેકનિક અભ્યાસક્રમોની માહિતી આપેલ છે. પોલીટેકનિકમાં પ્રવેશ, કોર્ષ તેમજ વિનિયમોને લગતી તમામ સત્તા યુનિવર્સિટીને અબાધિત રહેશે અને જરૂર પડ્યે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે.

પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહીં.

### : પ્રવેશ માટે અગત્યની સૂચનાઓ :

- તમામ પોલીટેકનિકમાં પ્રવેશ માટે માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે.
- પ્રવેશ ફોર્મ www.gsauca.in વેબસાઇટ પર ઓનલાઈન ભરવાનું રહેશે.
- ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરતાં પહેલાં ઉમેદવારોએ પ્રવેશ માટેની માહિતી પુસ્તિકા બરાબર વાંચવી.
- ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો સ્કેન કરી પેન–ડ્રાઇવ કે સીડીમાં લાવવો.
- ગમે ત્યારે યુનિવર્સિટીને ધ્યાને આવશે કે, ઉમેદવારના પ્રમાણપત્રો ખોટા છે અથવા ઉમેદવાર પ્રવેશ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતો નથી, તો તેનો પ્રવેશ રદ થશે અને ફી જપ્ત થશે.
- યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે પ્રવાસ ભથ્થુ કે અન્ય કોઇપણ પ્રકારનો ખર્ચ ચૂકવવામાં આવશે નહીં.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં |
|---|---|---|
| ૧ | પોલીટેકનિક ડીપ્લોમા અભ્યાસક્રમો | ૨ |
| ૨ | સંપર્ક સૂત્રો | ૩ |
| ૩ | પ્રવેશ ક્ષમતા | ૩ |
| ૪ | પ્રવેશ લાયકાત | ૩ |
| ૫ | અનામત બેઠકો | ૫ |
| ૬ | મેરીટ લિસ્ટ | ૭ |
| ૭ | પ્રવેશ માટે રૂબરૂ કાઉન્સેલીંગ | ૮ |
| ૮ | પોલીટેકનિક ખાતે હાજર થવું | ૮ |
| ૯ | ફીનું માળખું | ૧૦ |
| ૧૦ | ફી જપ્તી અને પ્રવેશયાદીમાંથી નામ રદ થવું | ૧૧ |
| ૧૧ | અભ્યાસક્રમ અને વિષયો | ૧૧ |
| ૧૨ | એન્ટિરેગીંગ | ૧૧ |
| ૧૩ | વિદ્યાર્થિનીઓને હેરાનગતી બાબત | ૧૧ |
| ૧૪ | પ્રવેશ પ્રક્રિયા | ૧૨ |
| ૧૫ | ડિસ્કલેમર | ૧૨ |
| ૧૬ | બેઠકોની સંખ્યા | ૧૩ |
| ૧૭ | કટ ઓફ માર્કસ | ૧૫ |

## ૧. પોલીટેકનિક ડીપ્લોમા અભ્યાસક્રમો :

| ક્રમ | અભ્યાસક્રમ | પોલીટેકનિક | યુનિવર્સિટી |
|---|---|---|---|
| ૧ | કૃષિ | શેઠ મ. છ. કૃષિ પોલીટેકનિક, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| ૨ | | કૃષિ પોલીટેકનિક, વસો, જિ. ખેડા | |
| ૩ | | કૃષિ પોલીટેકનિક, ડીસા, જિ. બનાસકાંઠા | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |
| ૪ | | કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | |
| ૫ | | કૃષિ પોલીટેકનિક, અમીરગઢ, જિ. બનાસકાંઠા | |
| ૬ | | કૃષિ પોલીટેકનિક, ધારી, જિ. અમરેલી | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| ૭ | | કૃષિ પોલીટેકનિક, મક્તમપુર, ભરુચ | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| ૮ | | કૃષિ પોલીટેકનિક, વ્યારા, જિ. તાપી | |
| ૯ | | કૃષિ પોલીટેકનિક, વઘઈ, જિ. ડાંગ | |
| ૧૦ | બાગાયત | શેઠ ડો. મ. બાગાયત પોલીટેકનિક, મોડેલ ફાર્મ, વડોદરા | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| ૧૧ | | શેઠ બી. આર. બાગાયત પોલીટેકનિક, જગુદણ, જિ. મહેસાણા | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |
| ૧૨ | | બાગાયત પોલીટેકનિક, જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| ૧૩ | | બાગાયત પોલીટેકનિક, નવસારી | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| ૧૪ | | બાગાયત પોલીટેકનિક, પરીયા, જિ. વલસાડ | |
| ૧૫ | કૃષિ ઇજનેરી | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, મુવાલીયા ફાર્મ, દાહોદ | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| ૧૬ | | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, તરઘડીયા, જિ. રાજકોટ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| ૧૭ | | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, ડેડીયાપાડા, જિ. નર્મદા | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| ૧૮ | એગ્રો–પ્રોસેસીંગ | એગ્રો–પ્રોસેસીંગ પોલીટેકનિક, જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| ૧૯ | ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ | ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સ પોલીટેકનિક, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| ૨૦ | ગૃહ વિજ્ઞાન (ફક્ત બહેનો માટે) | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, સરદારકૃષિનગર, જિ. બનાસકાંઠા | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |
| ૨૧ | | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, અમરેલી | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| ૨૨ | પશુપાલન | પશુપાલન પોલીટેકનિક, સરદારકૃષિનગર, જિ. બનાસકાંઠા | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |
| ૨૩ | | પશુપાલન પોલીટેકનિક, જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| ૨૪ | | પશુપાલન પોલીટેકનિક, નવસારી | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| ૨૫ | | પશુપાલન પોલીટેકનિક, મહેતાપુરા, હિંમતનગર, જિ.સાબરકાંઠા | કામધેનુ યુનિવર્સિટી (અંગભૂત) |
| ૨૬ | | પશુપાલન પોલીટેકનિક, શ્રી ગ્રામ સેવા કેન્દ્ર, મુ. ખડસલી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી | કામધેનુ યુનિવર્સિટી (સંલગ્ન) |
| ૨૭ | | નવસર્જન પશુપાલન પોલીટેકનિક, મુ. રણછોડપુરા, પો. દેવપુરા, તા. વિજાપુર, જિ. મહેસાણા | |
| ૨૮ | | કેશવમ્ પશુપાલન પોલીટેકનિક, મુ. છાપી, તા. ઇડર, જિ. સાબરકાંઠા | |
| ૨૯ | | વૃંદાવન પશુપાલન પોલીટેકનિક, અશ્વમેઘ કોમ્પલેક્ષ, ટાવર ચોક, મુ. જસદણ, જિ. રાજકોટ | |
| ૩૦ | | રિધ્ધી પશુપાલન પોલીટેકનિક, ચંદ્રનગર સોસાયટી, મોતીપુરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા | |

## ૨. સંપર્ક સૂત્રો:

| ક્રમ | યુનિવર્સિટી | હોદ્દો | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮૧૧૦ | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 02692–264462 |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ–૩૬૨૦૦૧ | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 0285–2673040 |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦ | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 02637–282823 |
| ૪ | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬ | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 02748–278229 |
| ૫ | કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, ગાંધીનગર–૩૮૨૦૧૦ | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 079–65726668 |

## ૩. પ્રવેશ ક્ષમતા:

(૧) રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની દરેક પોલીટેકનિકમાં દર વર્ષે ૩૫ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે છે. જયારે કામધેનુ યુનિવર્સિટીની દરેક પોલિટેકનિકમાં ૫૦ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે છે.

(૨) દરેક પોલીટેકનિકમાં ભાઈઓ અને બહેનોને પ્રવેશ આપવામાં આવે છે. ફક્ત ગૃહવિજ્ઞાન પોલીટેકનિકમાં બહેનોને જ પ્રવેશ આપવામાં આવે છે.

(૩) ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની એક બેઠક માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

(૪) કૃષિ પોલીટેકનિક ખેડબ્રહ્મા અને અમીરગઢની કુલ બેઠકો પૈકી ૫૦% બેઠકો અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

(૫) પ્રવેશ માટે ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડમાંથી પાસ થયેલ ઉમેદવારોની બેઠકોની વહેંચણી "પ્રો– રેટા" બેઈઝ પર અથવા પોલીટેકનિક અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવશે.

## ૪. પ્રવેશ લાયકાત:

### ૪.૧ શૈક્ષણિક લાયકાત:

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી ધો.૧૦ (SSC)ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ. | | |
| | (i) | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા | |
| | (ii) | અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવા કે, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી; નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કુલીંગ, આતંરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ બોર્ડ વગેરે. | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ, અથવા |
| | | (b) | શાળા દિવ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય તો ઉમેદવારના મા–બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોવા જોઈએ. |
| | | (c) | ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય. |
| (2) | ઉમેદવારે પરીક્ષા ઉપરોકત ક્રમાંક (૧) મુજબ પાસ કરેલ હોય અને | | |
| | (i) | તેના મા–બાપ નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને | |
| | (ii) | તેના મા–બાપની બદલી ગુજરાત રાજયમાં થઇ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઇ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ મેરીટ લિસ્ટમાં કરવામાં આવશે. | |
| | | નોકરીની કેટેગરી | |
| | | (a) | કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી, અથવા |
| | | (b) | કેન્દ્ર સરકારના અને રાજય સરકારના જાહેર સાહસોના અધિકારી / કર્મચારી, અથવા |
| | | (c) | રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી / કર્મચારી, અથવા |
| | | (d) | ગુજરાત રાજયમાં આવેલ UNO / UNICEF / WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી/કર્મચારી અથવા |

| | | | |
|---|---|---|---|
| | | (e) | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવાના અધિકારી / કર્મચારી કે જેઓ ગુજરાત રાજ્યમાં કે ગુજરાત રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે, અથવા |
| | | (f) | ગુજરાત રાજ્ય સરકારના અધિકારી / કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે. |
| (૩) | જે ઉમેદવારે | | |
| | (i) | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈ પણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ ૮ સુધી અભ્યાસ કરેલ હોય અને | |
| | (ii) | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય અને | |
| | (iii) | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ – ૧૦ ની પરીક્ષા પાસ કરેલ હોય. | |
| | **નોંધ** : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૮૫–૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) દ્વારા સંચાલિત છે. | | |

## ૪.૨ પ્રવેશ માટે જરૂરી લાયકાત :

પોલીટિકનિક ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે SSC (ધોરણ– ૧૦)ની પરીક્ષામાં ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિદ્યા અને અંગ્રેજી વિષયોના ગુણના ઓછામાં–ઓછા નીચેના ટેબલમાં દર્શાવ્યા પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઈએ.

| ક્રમ | વિગત | પાંચ વિષયના ટકા** |
|---|---|---|
| ૧ | અનુસુચિત જાતિના અરજદારો માટે | ૩૩% |
| ૨ | અનુસુચિત જનજાતિના અરજદારો માટે | ૩૩% |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારો માટે | ૪૦% |
| ૪ | અન્ય ઉમેદવારો માટે | ૪૦% |

** ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિદ્યા અને અંગ્રેજી

## ૪.૩ વધારાના ગુણ (ભારાંક) :

(૧) કૃષિ તથા બાગાયત પોલીટિકનિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવાર જો ખેડૂત અથવા ખેડૂતના પુત્ર /પુત્રી / ભાઇ / બહેન / પૌત્ર / પૌત્રી હોય તો, તેમણે મેળવેલ મેરીટ માર્ક ઉપરાંત ૫% વધારાના માર્ક ઉમેરવામાં આવશે. તેના માટે ઉમેદવારે તેના પિતા / માતા / દાદા (પિતૃ પક્ષ) /દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ / બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો ૭/૧૨નો જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૧લી એપ્રિલ અથવા ત્યાર પછીનો દાખલો રજુ કરવાનો રહેશે. જો જમીનધારક અને ઉમેદવાર વચ્ચે સંબંધ પ્રસ્થાપિત ન થતો હોય તો પેઢીનામુ અથવા તે બન્ને વચ્ચે સંબંધ દર્શાવતો તલાટી / સરપંચનો દાખલો ગ્રામ પંચાયતના લેટરપેડ પર રજૂ કરવાનો રહેશે.

(૨) રમત – ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને નીચે મુજબ વધારાના માર્ક આપવામાં આવે છે :

| ક્રમ | સ્પર્ધા | (વધારાના ટકા) |
|---|---|---|
| (I) | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | ૭.૦% |
| (II) | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | ૧.૦ % |
| | (i) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૫.૦ % |
| | (ii) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૩.૦ % |
| | (iii) તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૨.૦% |
| (III) | રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | – |
| | (i) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૧.૦ % |
| | (ii) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૦.૫ % |

### ૪.૪ પૂરક પરીક્ષા

જે ઉમેદવારે SSC (ધોરણ-૧૦)ની પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ પૂરક પરીક્ષા ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરી હશે તે ઓનલાઇન અરજી કરી શકશે.

### ૪.૫ ગુણ સુધારણા

ઉમેદવારના ગુણમાં રિચેકિંગ દરમ્યાન ફેરફાર થયો હોય તેમણે તે મતલબનો સંબંધિત અધિકારીનો પત્ર અથવા માર્કશીટ તેમને મળ્યા બાદ ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં હેલ્પ સેન્ટર પર જઇ સુધારો કરાવવાનો રહેશે.

### ૪.૬ ઉંમર :

પોલીટેકનિક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારની ઉંમર ચાલુ વર્ષની ૩૧મી ડીસેમ્બરે ૧૫ થી ૨૫ વર્ષ હોવી જોઇએ.

### ૫. અનામત બેઠકો :

**૫.૧** જુદી જુદી કેટેગરી માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી થયા મુજબનું રહેશે. હાલ પ્રવેશ માટે મૂળ ગુજરાત રાજ્યના નીચેની કેટેગરીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે તેની સામે દર્શાવેલ ટકાવારી મુજબ બેઠકો અનામત રહેશે.

| ક્રમ | કેટેગરી | અનામત બેઠકો (%) | નોંધ |
|---|---|---|---|
| ૧ | અનુસુચિત જાતિ (SC) | ૭ | આ જાતિઓની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે |
| ૨ | અનુસુચિત જનજાતિ (ST) | ૧૫ | |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને "ક્રિમીલેયર ગ્રુપમાં સમાવિષ્ટ થતાં નથી" તેવા ઉમેદવારો (SEBC) | ૨૭ | ગુજરાત સરકાર દ્વારા માન્ય જાતિઓને લાગુ પડશે |
| ૪ | બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (UEWS) | ૧૦ | અમલીકરણ સરકારશ્રીના વખતોવખતના ઠરાવોને આધીન રહેશે |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો (PC) | ૩ | પ્રવેશ મેળવેલ ઉમેદવારની જાતિ અનુરૂપ જે તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે |
| ૬ | સેનાના કર્મચારી/ સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો (DP) | ૧ | ---- |
| ૭ | પારસી જાતિના ઉમેદવારો | ૧ બેઠક | વધારાની બેઠક |
| યુનિવર્સિટી દ્વારા આ નિયમોમાં દર્શાવેલ ટકાવારી કરતાં વધારાના ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે નહીં તેમજ તેની લાયકાતમાં છૂટછાટ આપી શકાશે નહીં. | | | |

### ૫.૨ અનામત બેઠકો માટે સામાન્ય શરતો :

(૧) અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે જે-તે જાતિના પછાતવર્ગનું / કેટેગરીનું સક્ષમ અધિકારીના સહી સિક્કાવાળું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨) જો કોઈ ઉમેદવાર અનામત બેઠક પર પ્રવેશ માટે જરૂરી જાતિ / કેટેગરી અંગેનું અસલ પ્રમાણપત્ર હેલ્પ સેન્ટર ખાતે અને રૂબરૂ મુલાકાત વખતે ચકાસણી સમયે કે પોલીટેકનિક ખાતે રીપોર્ટીંગ/ રજીસ્ટ્રેશન સમયે ખરાઈ કરવા માટે રજૂ કરી શકશે નહીં અથવા ખોટું

માલુમ પડશે, તો તેવા ઉમેદવારને અનામત કેટેગરીમાં પ્રવેશ મળી શકશે નહીં અને જો પ્રવેશ મળી ગયો હશે તો તે જે–તે સમયે રદ કરવામાં આવશે.

(૩) જો કોઈ અનામત કેટેગરીના ઉમેદવાર તેના મેરીટના ધોરણે તેની પસંદગીની જગ્યાએ બિન–અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવી શકતો હોય તો તેને બિન–અનામત કેટેગરીમાં પ્રવેશ આપવામાં આવશે.

(૪) અનામત કેટેગરી અથવા અન્ય કોઇ પણ પ્રકારનો લાભ મેળવતા ઉમેદવારને ઓછામાં ઓછી લાયકાતમાં એક કરતા વધારે પ્રકારની છૂટછાટ મળી શકશે નહીં.

(૫) અનામત કેટેગરીના યોગ્યતા ધરાવતા તમામ ઉમેદવારોને જે–તે કેટેગરીમાં પ્રવેશ આપ્યા બાદ અનામત બેઠકો ખાલી રહે તો (પારસી જાતિની બેઠકો સિવાયની) ખાલી બેઠકો બિન–અનામત કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે.

### ૫.૩ અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:

(૧) આ બન્ને જાતિના ગ્રુપ માટે કુલ ૨૨% બેઠકો અનામત રહેશે. જે પૈકીની ૭% બેઠકો અનુસુચિત જાતિના ઉમેદવારો માટે અને બાકીની ૧૫% બેઠકો અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

(૨) આ બન્ને પછાતવર્ગની કોઈ પણ એક કેટેગરીમાં અનામત બેઠક કરતાં ઓછા ઉમેદવાર હોય તો બીજી કેટેગરીની અનામત બેઠકમાં તબદીલ થશે. અર્થાત્ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. તેમ છતાં જો કોઇ બેઠકો ખાલી રહેતી હોય તો તેને બિન–અનામત કેટેગરીમાં તબદીલ કરવાની રહેશે.

### ૫.૪ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત બેઠકો:

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો પ્રમાણે ૨૭% બેઠકો અનામત રહેશે.

(૨) SEBCના ઉમેદવારે જાતિના પ્રમાણપત્ર ઉપરાંત સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૧ એપ્રિલ અથવા ત્યારબાદનું હોવું જોઈએ. અન્યથા તેઓને SEBCની બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં.

### ૫.૫ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામત બેઠકો

બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગેના ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંક સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ, તા.૦૬/૦૫/૨૦૧૬ મુજબ ૧૦% બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે અંગે 'પરિશિષ્ટ–અ' મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. આ માટેની વિસ્તૃત માહિતી http://sje.gujarat.gov.in/downloads/gr_06052016_a.pdf ઉપરથી મેળવી શકાશે. વધુમાં ઉક્ત સંદર્ભે સરકારશ્રી તરફથી વખતોવખતની સૂચનાઓનો અમલ કરવામાં આવશે.

### ૫.૬ દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત બેઠકો:

ગુજરાત રાજ્યના દિવ્યાંગ ઉમેદવારો માટે ૩% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જેને જે–તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે.

(૧) આ બેઠકો પર ઓર્થોપેડિક, દ્રષ્ટી અને શ્રવણની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો પ્રવેશ માટે અરજી કરી શકશે.

(૨) એક પગ અને હાથ (Partial) ની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર તેમની બેઠકો પર પ્રવેશ મેળવવા અરજી કરી શકશે .જો કે આવા દિવ્યાંગ ઉમેદવારે તે પોતે જે–તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો / ફીલ્ડવર્ક કરવા માટે સક્ષમ છે, તે મતલબનું જે–તે વિભાગના નિષ્ણાત ડોકટરોના અભિપ્રાયના આધારે સરકારી હોસ્પીટલના સિવિલ સર્જન / મેડિકલ સુપ્રીટેન્ડન્ટ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પ્રવેશ દિવ્યાંગ કેટેગરીના મેરીટના આધારે આપવામાં આવશે.

(૩) દિવ્યાંગ ઉમેદવાર તેની કેટેગરી માટે જરૂરી ન્યુનતમ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(૪) સદરહુ કેટેગરીના ઉમેદવારનો પ્રવેશ અંગેનો આખરી નિર્ણય જે–તે કોર્સમાં તે પ્રાયોગિક કાર્ય / ઈનપ્લાન્ટ ટ્રેનિંગ વગેરે કરી શકશે કે કેમ તેના આધારે પ્રવેશ સમિતિ રૂબરૂમાં લેશે.

**૫.૭ સેનાના કર્મચારી / સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે અનામત બેઠકો :**

(૧) સેનાના કર્મચારી અથવા સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે ૧% બેઠકો અનામત રાખવામાં આવેલ છે.

(૨) સેનાના અથવા સેના નિવૃત્ત કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ડાયરેકટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક વેલ્ફેર ઓફીસર કે જે તે કમાન્ડીંગ ઓફીસર (ચાલુ કર્મચારીએ)નું જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઈ બેઠકો ખાલી રહે તો તેના પર અન્ય બોર્ડમાંથી SSC પાસ કરનાર અરજદારને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિન– અનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

(૪) સેનામાં કાર્યરત કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર મૂળ ગુજરાત રાજ્યનો વતની હોવો જોઈએ અને તેણે ધો. ૧૦ (SSC)ની પરીક્ષા ગુજરાત રાજ્ય સ્થિત શાળામાંથી પાસ કરેલ હોઈ જોઇએ.

**૫.૭ પારસી જાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો :**

(૧) માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે એક વધારાની બેઠક અનામત રહેશે. જે અન્ય ઉમેદવારો માટે તબદિલ થઇ શકશે નહીં.

(૨) આ અનમત બેઠક પર પ્રવેશ મેળવવા માટે પારસી જાતિના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (દા.ત. પારસી પંચાયત, કલેક્ટર) રજુ કરવાનું રહેશે.

## ૬. મેરીટ લિસ્ટ :

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧. | સમયમર્યાદામાં પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટેની લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોના પોલીટેકનિક અભ્યાસક્રમો પ્રમાણે ત્રણ અલગ મેરીટ લિસ્ટ નીચેની લાયકાતને આધારે બનાવવામાં આવશે : | |
| | SSC (ધોરણ–૧૦)ની પરીક્ષામાં ગુજરાતી/ પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિદ્યા અને અંગ્રેજી એમ પાંચ વિષયમાં મેળવેલ ગુણ અને વધારાના મળવા પાત્ર ગુણ, જો લાગુ પડતા હોય તો : | |
| | (A) | કૃષિ અને બાગાયત પોલિટેકનિકમાં પ્રવેશ માટેનું મેરીટ લિસ્ટ |
| | (B) | પશુપાલન, કૃષિ ઇજનેરી, એગ્રો–પ્રોસેસિંગ અને ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ અભ્યાસક્રમોની પોલિટેકનિકમાં પ્રવેશ માટેનું મેરીટ લિસ્ટ |
| | (C) | ગૃહવિજ્ઞાન અભ્યાસક્રમોની પોલિટેકનિકમાં પ્રવેશ માટેનું મેરીટ લિસ્ટ (ફક્ત બહેનો માટે) |
| ૨. | કેન્દ્રિય પ્રવેશ સમિતિ ‘A’, ‘B’ અને ‘C’ ત્રણ પ્રકારના પોલિટેકનિક અભ્યાસક્રમો માટે નીચે મુજબના ત્રણ અલગ મેરીટ લિસ્ટ તૈયાર કરશે : | |
| | (i) | ગુજરાત બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ. અનામત કેટેગરીના અરજદારોનું કેટેગરી વાઈઝ મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. (પ્રથમ મેરીટ લિસ્ટ) |
| | (ii) | કેન્દ્રિય અને અન્ય બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ. અનામત કેટેગરીના અરજદારોનું કેટેગરી વાઈઝ મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. (દ્વિતીય મેરીટ લિસ્ટ) |

| | | |
|---|---|---|
| | (iii) | કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી અથવા નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કુલીંગ અથવા ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડમાંથી ધોરણ–૧૦ની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોનું મેરીટ લિસ્ટ (તૃતીય મેરીટ લિસ્ટ). તે પૈકીના અનામત કેટેગરીના અરજદારોનું (કેટેગરી વાઈઝ) મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. |
| | **Explanation :** | |
| | ઉપરોકત ક્રમાંક (i), (ii), (iii)ના બોર્ડમાંથી પાસ થયેલ ઉમેદવારો માટેની બેઠકોની વહેંચણી "પ્રો–રેટા" બેઈઝ અથવા પોલીટેકનિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કેન્દ્રિય પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે કરવામાં આવશે. | |
| | બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માર્કસ એકસરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણેના વિષયોના ગુણ / વયની ક્રમશ: સરખામણી કરી બનાવવામાં આવશે : | |
| | (i) | જે ઉમેદવારે SSCE માં વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | (ii) | જે ઉમેદવારે SSCE માં ગણિત વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | (iii) | જે ઉમેદવારે SSCE માં અંગ્રેજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | (iv) | જે ઉમેદવારની વય વધારે હોય |

## ૭. પ્રવેશ માટે રૂબરૂ કાઉન્સેલીંગ:

(૧) પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવાર પૈકી બેઠકના અનુપાતમાં જરૂરિયાત મુજબના ઉમેદવારોને મેરીટના ધોરણે કેન્દ્રીય પ્રવેશ સમિતિ સમક્ષ રૂબરૂ કાઉન્સેલીંગ માટે નક્કી કરેલ સ્થળ, સમય અને તારીખે બોલાવવામાં આવશે. જ્યાં ફીઝીકલ ફીટનેસ અને અસલ પ્રમાણપત્રો, દસ્તાવેજો, માર્કશીટની ચકાસણી કરી હંગામી પ્રવેશ આપવામાં આવશે.

(૨) રૂબરૂ કાઉન્સેલીંગનો કાર્યક્રમ (સ્થળ, સમય અને તારીખ) વગેરે અગ્રગણ્ય દૈનિક સમાચારપત્રો અને પ્રવેશ વેબસાઇટ (www. gsauca.in) પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જે માટે કોઈ અલગ કોલ–લેટર મોકલવામાં આવશે નહીં.

(૩) જે ઉમેદવારને હંગામી પ્રવેશ મળ્યો હોય તેણે એડમિશન મેમો મેળવી તરત જ જરૂરી ફી ભરવાની રહેશે અને એડમિશન મેમોમાં દર્શાવેલ સમયમર્યાદામાં જે તે પોલીટેકનિક ખાતે હાજર થઈ પ્રવેશ નિશ્ચિત કરાવવાનો રહેશે.

(૪) જો કોઈ ઉમેદવાર રૂબરૂ મુલાકાત સમયે ગેરહાજર રહેશે અથવા નિયત સમયમર્યાદામાં પોલીટેકનિક ખાતે હાજર થશે નહીં તો તેનું નામ આપોઆપ પ્રવેશ યાદીમાંથી રદ થશે.

## ૮. પોલીટેકનિક ખાતે હાજર થવું :

(૧) જે ઉમેદવારને પ્રવેશ મળ્યો હોય તેણે નક્કી કરેલ સમયમર્યાદામાં પોલીટેકનિક ખાતે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, દસ્તાવેજો, માર્કશીટ વગેરેની પ્રમાણિત નકલોના બે સેટ સહિત રૂબરૂ હાજર થઇ વેરિફિકેશન કરાવવાના રહેશે.

(૨) વેરીફીકેશન દરમ્યાન જે ઉમેદવારના દસ્તાવેજો સાચા માલુમ પડશે તેમણે રજીસ્ટ્રેશન કરાવી, યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે નોંધણી કરાવવાની રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જનાર ઉમેદવારનો પ્રવેશ આપોઆપ રદ થશે.

(૩) જો ઉમેદવાર એડમીશમન મેમોમાં દર્શાવેલ સમયમર્યાદામાં પોલીટેકનિક ખાતે હાજર થશે નહીં તો તેનો પ્રવેશ આપોઆપ રદ થશે.

(૪) જો ઉમેદવાર અસાધારણ સંજોગો (આધાર રજૂ કરવાના રહેશે) ના કારણે એડમીશન મેમોમાં દર્શાવેલ સમય મર્યાદામાં પ્રમાણપત્રો ચકાસણી માટે રૂબરૂ ન આવી શકે તેમ હોય તો તે અન્ય કોઈ વ્યક્તિ મારફતે ઓથોરીટી લેટર આપી પ્રમાણપત્રો ચકાસણી કરાવડાવી હંગામી રજીસ્ટ્રેશન કરાવી શકશે. હંગામી રજીસ્ટ્રેશન કરાવનાર ઉમેદવારે કોર્સ શરૂ થયાના એક અઠવાડીયામાં બાકીની વિધી પૂરી કરવાની રહેશે અન્યથા તેઓનો પ્રવેશ આપોઆપ રદ થશે.

(૫) પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારને યુનિવર્સીટી દ્વારા રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. જે તેના દરેક એકેડેમિક રેકર્ડ માટે ઉપયોગમાં લેવાનો રહેશે.

(૬) પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને ઓળખપત્ર આપવામાં આવશે. જે પોતાની પાસે રાખવાનું રહેશે અને જરૂર પડ્યે રજુ કરવાનું રહેશે. ઓળખપત્ર ખોવાઈ જાય તો જરૂરી ફી ભર્યેથી નવું મેળવી શકાશે.

## પ્રવેશ ફોર્મ ભરતી વખતે, રૂબરૂ કાઉન્સેલીંગ સમયે અને પોલીટેકનિક ખાતે હાજર થતી વખતે જરૂરી પ્રમાણપત્રો

૧. SSCE (ધોરણ ૧૦) ની માર્કશીટ

૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર (LC)#

૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારે જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૧લી એપ્રિલ અથવા ત્યાર પછીનું "નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ" રજુ કરવાનું રહેશે. જેમાં ચૂક થશે તો તેવા ઉમેદવારને SEBC અનામત બેઠકો પર પ્રવેશ મળી શકશે નહીં.

૪. બિનઅનામત કક્ષાના નબળા વર્ગો (UEWS)માં સમાવિષ્ટ હોવાનું 'પરિશિષ્ટ–અ' મુજબનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો. (જેનું અમલીકરણ સરકારશ્રીના વખતોવખતના ઠરાવોને આધીન રહેશે.)

૫. ખેતી લાયક જમીનની માલિકી દર્શાવતો ૭–૧૨ અને ૮–અ નો દાખલો જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૧લી એપ્રિલ અથવા ત્યાર પછીનો રજૂ કરવાનો રહેશે.

૬. જો ઉમેદવાર અને જમીનના માલિક જોડેનો સબંધ ૭–૧૨ના દાખલામાં પ્રસ્થાપિત ન થઈ શકતો હોય તો તે બન્ને વચ્ચે સંબંધ દર્શાવતુ સરપંચ / તલાટી દ્વારા ગ્રામ પંચાયતના લેટર પેડ પર અપાયેલ પ્રમાણપત્ર અથવા પેઢીનામું.

૭. દીવ, દમણ અને દાદરા નગર હવેલી કે નીઝર તાલુકાના રહેવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો.

૮. ગુજરાત રાજ્યના વતની હોવાનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો.

૯. દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પીટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપ્રિટેન્ડન્ટ) નું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો.

૧૦. પારસી જાતીના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો.

૧૧. આંતરરાષ્ટ્રીય/ રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાએ રમત – ગમતમાં ભાગ લીધેલ હોય અને /અથવા જીતેલ ક્રમાંકનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો.

૧૨. સેનાના કર્મચારી/ નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો.

૧૩. ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા.

**નોંધ :**

* જો નોંધણી સમયે, ઉમેદવારે કોઈ ખોટી મહિતી આપેલ છે, તેવું માલુમ પડશે તો પ્રવેશ માટેની તેની ઉમેદવારી રદ થશે અને તેણે ભરેલી ફી નિયમોનુસાર જપ્ત થશે.

* પોલીટિકનિક ખાતે અંતિમ ચકાસણી સમયે જે ઉમેદવારોના પ્રમાણપત્રો સાચા જણાશે તેમનો પ્રવેશ જે તે યુનિવર્સીટીમાં માન્ય ગણાશે.

# જો અન્ય સંસ્થામાં પ્રવેશ લીધેલ હોય અને ત્યાં એલ.સી. જમા કરાવેલ હોય તો જે–તે સંસ્થામાં પ્રવેશ લીધા અંગેનો દાખલો/આધાર પુરાવા રજૂ કરવાના રહેશે. જો કે પોલિટેકનિક ખાતે હાજર થતી વખતે અવશ્ય રજૂ કરવાનું રહેશે.

૯. **ફીનું માળખું :**

**૯.૧ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ચાલતા પોલીટેકનિક ડીપ્લોમા અભ્યાસક્રમો તથા કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત પશુપાલન પોલિટેકનિક, હિંમતનગરનું ફીનું માળખું**

| ક્રમ | ફી / ડીપોઝીટ | રકમ (રૂ.) | |
|---|---|---|---|
| | | ભાઇઓ | બહેનો |
| A. | **તમામ નવા વિધાર્થીઓએ પ્રથમ રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | |
| ૧. | કોશન મની | 100 | 100 |
| ૨. | હોસ્ટેલ ડીપોઝીટ | 100 | 100 |
| ૩. | મેસ ડીપોઝીટ | *** | *** |
| ૪. | ઈલેક્ટ્રિક ચાર્જ | 100 | 100 |
| ૫. | ઓળખપત્ર ફી | 30 | 30 |
| ૬. | થેલેસેમીયા ટેસ્ટ ફી | 150 | 150 |
| | **TOTAL A** | **480** | **480** |
| B. | **દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| ૧. | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ | 020 | 020 |
| ૨. | મેગેઝીન | 050 | 050 |
| ૩. | વિદ્યાર્થી એઈડ ફંડ | 020 | 020 |
| ૪. | જનરલ એમીનિટી | 010 | 010 |
| | **TOTAL B** | **100** | **100** |
| C. | **દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| ૧. | રજીસ્ટ્રેશન | 010 | 010 |
| ૨. | શિક્ષણ | 200 | – |
| ૩. | લાઈબ્રેરી | 020 | 020 |
| ૪. | પરીક્ષા | 050 | 050 |
| ૫. | જીમખાના | 010 | 010 |
| ૬. | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | 020 | 020 |
| ૭. | પ્રયોગશાળા | 020 | 020 |
| ૮. | હોસ્ટેલ | 050 | – |
| ૯. | માર્કશીટ, પ્રમાણપત્ર, ટ્રાન્સક્રીપ્ટ | 050 | 050 |
| | **TOTAL C** | **430** | **180** |
| | **Total A+B+C=** | **1010** | **760** |
| D. | **પ્રોવીઝનલ સર્ટીફીકેટ અને ગ્રેડ વેરીફીકેશન ફી** | | |
| ૧. | પ્રોવીઝનલ પ્રમાણપત્ર | 050 | 050 |
| ૨. | ગ્રેડ વેરીફીકેશન | 200 | 200 |
| | **TOTAL D** | **250** | **250** |

**નોંધ :**

**૧.** ભારતીય નાગરીકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.

૨. પોતાનો પ્રવેશ રદ કરવા ઈચ્છતા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં તેમણે ભરેલ ફી પરત મળશે નહીં.

૩. ***A (૩)માં દર્શાવેલ ફી સ્થાનિક પરિસ્થિતિ મુજબ બદલાશે. જે પોલિટેકનિક ખાતે લેવામાં આવશે.

## ૯.૨ કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પોલીટેકનિકો માટે વાર્ષિક ફીનું માળખું :

| ક્રમ | ફી ની વિગત | ફ્રી સીટ (રૂ.) | મેનેજમેન્ટ સીટ (રૂ.) |
|---|---|---|---|
| **કોલેજ ફી** | | | |
| | શિક્ષણ ફી | 29,000/- | 94,000/- |
| | પ્રયોગશાળા ફી | 4000/- | 4000/- |
| | પુસ્તકાલય ફી | 2000/- | 2000/- |
| | હોસ્ટેલ ફી * | -- | -- |
| | મેસ ફી * | -- | -- |
| | **કુલ** | 35,000/- | 1,00,000/- |
| * હોસ્ટેલ ફી તથા મેસ ફી સંબંધિત સંસ્થાઓના નિયમ મુજબ રહેશે. | | | |
| **યુનિવર્સિટી ફી** | | | |
| | રજીસ્ટ્રેશન ફી | 20/- | 20/- |
| | પરીક્ષા ફી | 100/- | 100/- |
| | માર્કશીટ ફી | 100/- | 100/- |
| | ઓળખપત્ર ફી | 30/- | 30/- |
| | **કુલ** | 250/- | 250/- |

## ૧૦. ફી જપ્તી અને પ્રવેશયાદીમાંથી નામ રદ થવું:

જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર, દસ્તાવેજ કે માહિતી ચકાસણી દરમ્યાન, પ્રવેશ પ્રક્રીયા દરમ્યાન કે પ્રવેશ બાદ ખોટી જણાશે તો, આવા ઉમેદવારનો પ્રવેશ આપોઆપ રદ્ થશે અને ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જપ્ત થશે.

## ૧૧. અભ્યાસક્રમ અને વિષયો:

(૧) તમામ પોલીટેકનિક અભ્યાસક્રમોમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી ભાષા છે.

(૨) જે તે પોલીટેકનિકનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે પોલીટેકનિકના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની પોલીટેકનિકમાં કેટેગરીવાઇઝ ઓછમાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પુર્ણ સમયના ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. આથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી બીજી કોઈ સંસ્થામાં અભ્યાસ ચાલુ રાખી શકશે નહીં. તેમ છતાં જો તેવું માલૂમ પડશે તો તેનું રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે. સક્ષમ અધિકારી ધ્વારા છૂટછાટ અપાયેલ હોય અથવા હોસ્ટેલ ફળવાયેલ ન હોય તે સિવાયના દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.

## ૧૨. એન્ટિરેગીંગ:

તમામ યુનિવર્સિટીમાં એન્ટિરેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઇ વિદ્યાર્થી રેગીંગ કરતો જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાર્થી સામે એફ.આઇ.આર. (FIR) દર્જ કરી શકાશે. રેગીંગનો ભોગ બનનાર વિદ્યાર્થી એન્ટિરેગીંગ કમિટિના ચેરમેન અથવા જે તે ફેકલ્ટીના ડીનનો સંપર્ક કરી શકશે.

## ૧૩. વિદ્યાર્થિનીઓને હેરાનગતી બાબત:

વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્વો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે યુનિવર્સિટીમાં એક સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઇ પણ વિદ્યાર્થી કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતા જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે.

## ૧૪. પ્રવેશ પ્રક્રિયા :

૧ ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ તેમજ કામધેનુ યુનિવર્સિટીના પ્રવેશ અંગેની સઘળી કામગીરી નોડલ અધિકારીશ્રી (શિક્ષણ), આકૃયુ, આણંદના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવશે.

૨ પ્રવેશ અંગેની સઘળી બાબતો વેબસાઇટ www.gsauca.in ઉપર જોઈ શકાશે.

૩ ધોરણ–૧૦ નું પરિણામ જાહેર થયા બાદ પ્રવેશ માટેની જાહેરાત માટે ઉપરોક્ત વેબસાઇટ ચકાસવાની રહેશે.

૪ પ્રવેશ અંગેની જાહેરાત ગુજરાતના દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

૫ પોલીટેકનિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વેબસાઇટ www.gsauca.in ઉપરથી ચલણની પ્રિન્ટ કાઢી ગુજરાતની "એચ.ડી.એફ. સી. બેન્ક" ની કોઈ પણ શાખામાં રૂ.૧૦૦/– પ્રથમ ભરવાના રહેશે. ત્યારબાદ ૨૪ કલાક બાદ ચલણ નંબર નાખી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

૬ ઓનલાઈન અરજીપત્રક ભરી ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

૭ ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના નક્કી કરેલ હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઈન ભરેલ અરજી પત્રક, અસલ પ્રમાણપત્રો/ દસ્તાવેજોની ચકાસણી કરાવ્યા બાદ જ ફોર્મ માન્ય ગણાશે.

૮ હેલ્પ સેન્ટર ખાતે ફોર્મની ચકાસણી કરાવેલ ન હોય તેવા ઉમેદવારના નામ મેરીટ યાદીમાં સમાવિષ્ટ થઈ શકશે નહીં.

૯ પ્રવેશ માટે વેબસાઇટ/જાહેરાતમાં જણાવેલ સ્થળ, સમય અને તારીખે કાઉન્સેલીંગ માટે રૂબરૂ હાજર રહી પ્રવેશ મેળવવાનો રહેશે.

૧૦ પ્રવેશ મળ્યેથી સ્થળ ઉપર જ ફી ભરવાની રહેશે. અન્યથા તેવા વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થશે તથા તે માટે ઉમેદવારનો કોઈ હક્ક દાવો રહેશે નહીં.

## ૧૫. ડિસ્ક્લેમર :

આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી પુસ્તિકામાં આપેલ વિદ્યાર્થીઓના શિસ્તના નિયમો, ડીપ્લોમા અભ્યાસક્રમના નિયમો, ફી કે અન્ય કોઇપણ નિવેદન / માહિતી / વિનિયમો વગેરે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની, તેમાં સુધારા–વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીની રહેશે. પ્રવર્તમાન વિનિયમો, તેને બદલવાથી કે અન્ય કોઇપણ રીતે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઇ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થી કે અન્ય વ્યકિતને કોઇ ખર્ચ થાય કે કંઇ પણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઇપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં.

## ૧૬. વર્ષ ૨૦૧૬–૧૭માં દરેક પોલીટેકનિકમાં કેટેગરી વાઇઝ બેઠકોની સંખ્યા (સીટ મેટ્રીક્ષ) :

| અ.નં. | પોલીટેકનિક | કુલ બેઠકો | જનરલ | યુ.ઇ.ડબલ્યુ. એસ.^ | એસ.સી. | એસ.ટી. | એસ.ઇ. બી.સી. | ડી.પી.* | અન્ય બોર્ડ | દિવ્યાંગ** | પારસી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **આણંદ કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, આણંદ | 35 | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| 2 | કૃષિ પોલીટેકનિક, વસો | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 3 | બાગાયત પોલિટેકનિક, વડોદરા | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 4 | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, દાહોદ | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 5 | ફુડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિકસ પોલીટેકનિક, આણંદ | 35 | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| **જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, ધારી, જિ. અમરેલી | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 2 | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, અમરેલી # | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 3 | બાગાયત પોલિટેકનિક, જૂનાગઢ | 35 | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| 4 | એગ્રો પ્રોસેસિંગ પોલિટેકનિક, જૂનાગઢ | 35 | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| 5 | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, તરઘડીયા, જિ. રાજકોટ | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 6 | પશુપાલન પોલિટેકનિક, જૂનાગઢ | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| **નવસારી કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, મક્તમપૂરા, ભરુચ | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 2 | કૃષિ પોલીટેકનિક, વઘઇ, જિ. ડાંગ | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 3 | બાગાયત પોલિટેકનિક, નવસારી | 35 | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| 4 | કૃષિ પોલીટેકનિક, વ્યારા | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 5 | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, ડેડીયાપાડા, જિ. નર્મદા | 35 | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| 6 | બાગાયત પોલિટેકનિક, પરિયા, જિ. વલસાડ | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 7 | પશુપાલન પોલિટેકનિક, નવસારી | 35 | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| **સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા▪ | ૩૫ | 10 | 3 | 17* | 1 | 4 | – | – | – | 1 |
| 2 | કૃષિ પોલીટેકનિક, ડીસા, જિ. બનાસકાંઠા | ૩૫ | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| 3 | કૃષિ પોલીટેકનિક, અમીરગઢ, જિ. બનાસકાંઠા▪ | ૩૫ | 10 | 3 | 17* | 1 | 4 | – | – | – | 1 |
| 4 | બાગાયત પોલિટેકનિક, જગુદણ, જિ. મહેસાણા | ૩૫ | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 5 | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, સ.કૃ.નગર, જિ.બનાસકાંઠા # | ૩૫ | 14 | 3 | 2 | 5 | 9 | – | 2 | 1 | 1 |
| 6 | પશુપાલન પોલિટેકનિક, સ.કૃ.નગર, જિ. બનાસકાંઠા | ૩૫ | 13 | 3 | 2 | 5 | 9 | 1 | 2 | 1 | 1 |
| **કામધેનુ યુનિવર્સિટી❖** | | | | | | | | | | | |
| 1 | પશુપાલન પોલિટેકનિક, મહેતાપુરા, હિંમતનગર (અંગભૂત) | 50 | 20 | 4 | 3 | 7 | 13 | 1 | 2 | 1 | 1 |
| 2 | પશુપાલન પોલિટેકનિક, ખડસલી, જિ. અમરેલી (સલંગ્ન)+ | 50 | 14 | 4 | 2 | 5 | 10 | 1 | 2 | 1 | 1 |
| 3 | નવસર્જન પશુપાલન પોલીટેકનિક, મુ. રણછોડપુરા, પો. દેવપુરા, તા. વિજાપુર, જિ. મહેસાણા (સંલગ્ન)+ | 50 | 14 | 4 | 2 | 5 | 10 | 1 | 2 | 1 | 1 |
| 4 | કેશવમ્ પશુપાલન પોલીટેકનિક, મુ.છાપી, તા.ઇડર, જિ.સાબરકાંઠા (સંલગ્ન) + | 50 | 14 | 4 | 2 | 5 | 10 | 1 | 2 | 1 | 1 |
| 5 | વૃંદાવન પશુપાલન પોલીટેકનિક, અશ્વમેઘ કોમ્પલેક્ષ, ટાવર ચોક, મુ. જસદણ, જિ. રાજકોટ (સંલગ્ન) + | 50 | 14 | 4 | 2 | 5 | 10 | 1 | 2 | 1 | 1 |
| 6 | રિધ્ધી પશુપાલન પોલીટેકનિક, ચંદ્રનગર સોસાયટી, મોતીપુરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા (સંલગ્ન) + | 50 | 14 | 4 | 2 | 5 | 10 | 1 | 2 | 1 | 1 |

** પ્રવેશ મેળવેલ ઉમેદવારની કેટેગરીમાં સરભર કરવાની રહેશે.

* ૫૦% બેઠકો અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત છે.

# ફકત બહેનો માટે

■ કૃષિ પોલીટેકનિક ખેડબ્રહ્મા અને અમીરગઢ ખાતે કન્યાઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા નથી જેથી પ્રવેશ મેળવનાર કન્યાઓએ રહેવા જમવાની સગવડ પોતાની રીતે કરવાની રહેશે.

❋ (ડી.પી. = ડીફેન્સ પર્સનલ) – સેનાના કર્મચારી/સેના નિવૃત કર્મચારીના સંતાનો માટેની અનામત બેઠકોની જોગવાઈ યુનિવર્સિટી વાઈઝ તેની કુલ બેઠકોની ગણતરીના ધોરણે ફેકલ્ટીને ધ્યાને રાખીને કરેલ છે.

⅄ સરકારશ્રીના તાજેતરની પોલિસી મુજબ ૧૦% જગ્યાઓ બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (UEWS) માટે અનામત રહેશે. જેનું અમલીકરણ સરકારશ્રીના વખતોવખતના ઠરાવોને આધીન રહેશે.

+ કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પોલીટેકનિકોમાં ૧૨ બેઠકો મેનેજમેન્ટ ક્વોટાની રહેશે. જેમાં પ્રવેશ માટે સંબંધિત સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.

❖ કામધેનુ યુનિવર્સિટીની તમામ પોલીટેકનિકોમાં કાશ્મીરી વિસ્થાપિતો માટે એક વધારાની બેઠક રહેશે.

## ૧૭. શૈક્ષણિક વર્ષ:૨૦૧૫-૧૬ના કેટેગરી વાઇઝ કટ ઓફ માર્કસ

{પાંચ વિષયના ગુણની ટકાવારી (ગુજરાતી / પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલૉજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિધા, અંગ્રેજી}

| અ.નં. | પોલીટેકનિક | જનરલ | એસ.સી. | એસ.ટી. | એસ.ઇ.બી.સી. | અન્ય બોર્ડ | દિવ્યાંગ | પારસી |
|---|---|---|---|---|---|---|---|---|
| **આણંદ કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, આણંદ | ૮૧.૪૦ | ૮૨.૮૦ | ૭૭.૬૦ | ૮૨.૨૦ | – | – | – |
| 2 | કૃષિ પોલીટેકનિક, વસો | ૮૦.૬૦ | ૭૩.૬૦ | ૭૨.૮૦ | ૫૯.૦૦ | – | – | – |
| 3 | બાગાયત પોલીટેકનિક, વડોદરા | ૭૧.૦૦ | ૭૨.૦૦ | ૬૪.૪૦ | ૭૧.૬૦ | ૪૯.૪૦ | – | – |
| 4 | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, દાહોદ | ૬૭.૪૦ | ૭૪.૨૦ | ૬૭.૨૦ | ૬૮.૦૦ | – | – | – |
| 5 | ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ પોલીટેકનિક, આણંદ | ૬૮.૮૦ | ૬૬.૬૦ | ૭૪.૪૦ | ૬૦.૦૦ | – | – | – |
| **જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, ધારી, જિ. અમરેલી | ૮૦.૬૦ | ૮૩.૬૦ | ૫૯.૨૦ | ૭૯.૨૦ | ૬૮.૪૦ | ૭૧.૮૦ | |
| 2 | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, અમરેલી # | ૫૬.૨૦ | ૪૫.૨૦ | ૬૫.૮૦ | ૫૪.૦૦ | | | |
| 3 | બાગાયત પોલીટેકનિક, જૂનાગઢ | ૮૩.૦૦ | ૭૪.૦૦ | ૭૦.૨૦ | ૭૯.૬૦ | ૭૪.૦૦ | | |
| 4 | એગ્રો-પ્રોસેસિંગ પોલીટેકનિક, જૂનાગઢ | ૭૭.૬૦ | ૬૯.૬૦ | ૫૭.૦૦ | ૭૪.૬૦ | ૬૬.૦૦ | ૫૭.૪૦ | |
| 5 | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, તરઘડીયા, જિ. રાજકોટ | ૭૪.૬૦ | ૫૦.૦૦ | ૪૯.૦૦ | ૭૧.૮૦ | ૬૨.૭૦ | ૫૦.૮૦ | |
| 6 | પશુપાલન પોલીટેકનિક, જૂનાગઢ | ૭૭.૬૦ | ૭૭.૦૦ | ૬૩.૬૦ | ૭૮.૮૦ | ૬૦.૮૦ | | |
| **નવસારી કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, મક્તમપૂરા, ભરુચ | ૮૮.૭૬ | ૮૪.૪૪ | ૬૭.૮૦ | ૮૭.૧૧ | ૭૦.૦૦ | | |
| 2 | કૃષિ પોલીટેકનિક, વઘઇ, જિ. ડાંગ | ૬૨.૭૮ | | ૫૮.૯૧ | ૭૫.૫૪ | ૬૮.૦૦ | – | – |
| 3 | બાગાયત પોલીટેકનિક, નવસારી | ૭૫.૮૦ | ૬૭.૪૦ | ૭૪.૨૦ | ૭૩.૮૦ | ૭૧.૦૦ | | |
| 4 | કૃષિ પોલીટેકનિક, વ્યારા | ૭૩.૨૦ | ૭૩.૮૦ | ૭૧.૮૦ | ૭૩.૮૦ | – | – | – |
| 5 | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, ડેડીયાપાડા, જિ. નર્મદા | ૬૭.૪૦ | ૫૭.૦૦ | ૬૭.૦૦ | ૬૩.૦૦ | | | |
| 6 | બાગાયત પોલીટેકનિક, પરિયા, જિ. વલસાડ | ૬૪.૪૦ | ૬૦.૬૦ | ૬૨.૦૦ | ૬૭.૪૦ | – | | |
| 7 | પશુપાલન પોલીટેકનિક, નવસારી | ૭૪.૭૦ | ૭૪.૮૦ | ૭૦.૦૦ | ૭૪.૬૦ | | | |
| **સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી** | | | | | | | | |
| 1 | કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | ૬૭.૦ | ૬૦.૨ | ૪૭.૧ | ૬૪.૪ | – | – | – |
| 2 | કૃષિ પોલીટેકનિક, ડીસા, જિ. બનાસકાંઠા | ૭૮.૨ | ૬૫.૮ | ૬૫.૦ | ૬૮.૬ | – | – | – |
| 3 | કૃષિ પોલીટેકનિક, અમીરગઢ, જિ. બનાસકાંઠા | ૭૪.૨ | ૭૩.૬ | ૫૮.૨ | ૬૫.૪ | – | – | – |
| 4 | બાગાયત પોલીટેકનિક, જગુદણ, જિ. મહેસાણા | ૭૧.૪૦ | ૫૯.૦ | ૬૦.૦ | ૬૪.૨ | – | – | – |
| 5 | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, સ.કૃ.નગર, જિ.બનાસકાંઠા# | ૫૦.૦ | ૪૨.૧ | ૫૩.૪ | – | – | – | – |
| 6 | પશુપાલન પોલીટેકનિક, સ.કૃ.નગર, જિ. બનાસકાંઠા | ૭૭.૬ | ૬૬.૦ | ૬૫.૪ | ૭૩.૮ | – | – | – |
| **કામધેનુ યુનિવર્સિટી** | | | | | | | | |
| 1 | પશુપાલન પોલીટેકનિક, મહેતાપુરા, હિંમતનગર (અંગભૂત) | ૭૫.૮૦ | ૭૫.૨૦ | ૬૯.૬૦ | ૭૫.૬૦ | ૫૪.૦૦ | – | – |
| 2 | પશુપાલન પોલીટેકનિક, ખડસલી, જિ. અમરેલી (સંલગ્ન) + — ફ્રી સીટ | ૫૨.૮૦ | ૬૯.૮૦ | ૫૯.૪૦ | ૬૧.૦૦ | – | – | – |
| | પેમેન્ટ સીટ | ૪૯.૦૦ | – | – | ૫૬.૬૦ | – | – | – |
| 3 | નવસર્જન પશુપાલન પોલીટેકનિક, મુ.રણછોડપુરા, પો. દેવપુરા, તા. વિજાપુર, જિ. મહેસાણા (સંલગ્ન) | આ વર્ષે ચાલુ થયેલ છે. | | | | | | |
| 4 | કેશવમ્ પશુપાલન પોલીટેકનિક, મુ.છાપી, તા. ઇડર, જિ. સાબરકાંઠા (સંલગ્ન) | આ વર્ષે ચાલુ થયેલ છે. | | | | | | |
| 5 | વૃંદાવન પશુપાલન પોલીટેકનિક, અશ્વમેઘ કોમ્પલેક્ષ, ટાવર ચોક, મુ. જસદણ, જિ. રાજકોટ (સંલગ્ન) | આ વર્ષે ચાલુ થયેલ છે. | | | | | | |
| 6 | રિધ્ધી પશુપાલન પોલીટેકનિક, ચંદ્રનગર સોસાયટી, મોતીપુરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા (સંલગ્ન) | આ વર્ષે ચાલુ થયેલ છે. | | | | | | |

# ફક્ત બહેનો માટે

## પરિશિષ્ટ-અ

પ્રમાણપત્ર ક્રમાંક :..............................

.

ફોટો

# ગુજરાત રાજ્ય

**(પરિશિષ્ટ-અ)**

**ગુજરાત સરકાર હેઠળ નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે**
**બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને અનામતનો લાભ લેવા માટેનું**

## પ્રમાણપત્ર

**(ફક્ત ગુજરાત સરકાર હેઠળના લાભો માટે)**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી.............................................................. શ્રી......................................................ના પુત્ર / પુત્રી છે. તેઓ ગામ / નગર......................................... તાલુકો...............................................જિલ્લો...........................................................ના રહેવાસી છે. તેઓને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬-૦૫-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૬ / ૨૭૧૪૩૬/અ થી બહાર પાડવામાં આવેલ ઠરાવ અને આ અંગે નિર્ધારીત નીતિ માટેના વખતો વખતના ઠરાવો મુજબ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના છે.

આ પ્રમાણપત્ર ચાલુ નાણાંકીય વર્ષ સહિત ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે.

સ્થળ : સહી :

તારીખ : નામ :

હોદ્દો :

(કચેરીનું રાઉન્ડ સીલ) (કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારો :

(૧)

(૨)

(૩)

## પોલીટેકનિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

| જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી | | સ્થાન | સંપર્ક સૂત્ર |
|---|---|---|---|
| ૧ | કૃષિ પોલીટેકનિક, દલખાણીયા રોડ, ધારી, જિ. અમરેલી | ધારી | 02797 221112 |
| ૨ | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, કેરીયા રોડ, અમરેલી | અમરેલી | 02792 220293 |
| ૩ | બાગાયત પોલિટેકનિક, ટીંબાવાડી સામે, જૂનાગઢ | જૂનાગઢ | 0285 2670204 |
| ૪ | એગ્રો પ્રોસેસિંગ પોલિટેકનિક, મોતિબાગ ગેટ નં.૨, જૂનાગઢ | જૂનાગઢ | 0285 2672080 |
| ૫ | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, રાજકોટ–કુવાડવા રોડ, તરઘડીયા, જિ.રાજકોટ | તરઘડીયા | 0281–2784748 |
| ૬ | પશુપાલન પોલિટેકનિક, મોતીબાગ, ઈવનગર રોડ, જૂનાગઢ | જૂનાગઢ | 0285–2675088 |
| **નવસારી કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | કૃષિ પોલીટેકનિક, મકતમપૂરા, ભરુચ | ભરુચ | 02642–245152 |
| ૨ | કૃષિ પોલીટેકનિક, વઘઇ, જિ. ડાંગ | વઘઇ | 02631–246239/ 02631–246243 |
| ૩ | બાગાયત પોલિટેકનિક, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી | નવસારી | 02637–282459 282144 |
| ૪ | કૃષિ પોલીટેકનિક, વ્યારા | વ્યારા | 02626–220328 |
| ૫ | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, ડેડીયાપાડા, જિ. નર્મદા | ડેડીયાપાડા | 02649–290599/ 235200 |
| ૬ | બાગાયત પોલિટેકનિક, પરિયા, જિ. વલસાડ | પરિયા | 0260–2337227 |
| ૭ | પશુપાલન પોલિટેકનિક, એરૂ ચાર રસ્તા, નવસારી | નવસારી | 9428488224 |
| **સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | ખેડબ્રહ્મા | 02775–220126 |
| ૨ | કૃષિ પોલીટેકનિક, ડીસા, જિ. બનાસકાંઠા | ડીસા | 02744–226470 |
| ૩ | કૃષિ પોલીટેકનિક, અમીરગઢ, જિ. બનાસકાંઠા | અમીરગઢ | 9725222964 |
| ૪ | શેઠ બી. આર. બાગાયત પોલિટેકનિક, જગુદણ, જિ.મહેસાણા | જગુદણ | 02762–285342 |
| ૫ | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, સ.કૃ.નગર, જિ. બનાસકાંઠા | સ.કૃ.નગર | 02748–278366 |
| ૬ | પશુપાલન પોલિટેકનિક, સ.કૃ.નગર, જિ. બનાસકાંઠા | સ.કૃ.નગર | 02748–278412 |
| **આણંદ કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | શેઠ મ. છ. કૃષિ પોલીટેકનિક, કુલપતિશ્રીના બંગલા પાછળ, આણંદ | આણંદ | 02692–260060 |
| ૨ | કૃષિ પોલીટેકનિક, પીજ–વસો રોડ, વસો, જિ. ખેડા | વસો | 0268–2553108 |
| ૩ | ફુડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિકસ પોલીટેકનિક, ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી કોલેજ પાસે, આણંદ | આણંદ | 02692–264464 |
| ૪ | શેઠ ડો. મ. બાગાયત પોલિટેકનિક, પંડ્યા પૂલ પાસે, મોડલ ફાર્મ, વડોદરા | વડોદરા | 0265–2343984 |
| ૫ | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, મુવાલિયા ફાર્મ, દાહોદ | દાહોદ | 02673–291683, 02673–223102 |
| **કામધેનુ યુનિવર્સિટી** | | | |
| **અંગભૂત** | | | |
| ૧ | પશુપાલન પોલિટેકનિક, ઝરણેશ્વર મંદિર પાસે, સરકારી મરઘાં ઉછેર કેન્દ્ર આગળ, મહેતાપુરા, હિંમતનગર, જિ. સાબરકાંઠા | મહેતાપુરા | 02772–223192 |
| **સંલગ્ન** | | | |
| ૧ | પશુપાલન પોલિટેકનિક, શ્રી ગ્રામ સેવા કેન્દ્ર, મુ. ખડસલી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી | ખડસલી | 02754–252010 |
| ૨ | નવસર્જન પશુપાલન પોલીટિકનિક, મુ. રણછોડપુરા, પો. દેવપુરા, તા. વિજાપુર, જિ. મહેસાણા | રણછોડપૂરા | 02763–292315 |
| ૩ | કેશવમ પશુપાલન પોલીટિકનિક, મુ. છાપી, તા. ઇડર, જિ. સાબરકાંઠા | છાપી | 9428135936 |
| ૪ | વૃંદાવન પશુપાલન પોલીટિકનિક, અશ્વમેઘ કોમ્પલેક્ષ, ટાવર ચોક, મુ. જસદણ, જિ. રાજકોટ | જસદણ | 9428265230 |
| ૫ | રિધ્ધી પશુપાલન પોલીટિકનિક, ચંદ્રનગર સોસાયટી, મોતીપુરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા | મોતીપુરા | 02772–229972 |

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

www.aau.in

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

www.jau.in

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦

www.nau.in

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદાર કૃષિનગર - ૩૮૫ ૫૦૬

www.sdau.in

કામધેનુ યુનિવર્સિટી
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦

www.ku-guj.org